# ડેઈલી માર્કેટ રિપોર્ટ: એમસીએક્સ પર સોનાનો વાયદો રૂ.૩૭૭, ચાંદીનો વાયદો રૂ.૧૮ અને ક્રૂડ તેલનો વાયદો રૂ.૧૪ ઘટ્યો

## નેચરલ ગેસના વાયદામાં રૂ.૫.૪૦ની નરમાઈ: કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૨૬૧૧.૫૭ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૬૨૫૭૨.૨૮ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૮૭૪૧.૪૩ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૨૪૩૬ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૭૫૧૮૫.૦૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૨૬૧૧.૫૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૬૨૫૭૨.૨૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ જુલાઈ વાયદો ૨૨૪૩૬ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૯૪૨.૦૨ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૮૭૪૧.૪૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૬૧૯૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૬૩૩૬ અને નીચામાં રૂ.૯૫૮૦૨ના મથાળે અથડાઈ, રૂ.૯૬૪૭૨ના આગલા બંધ સામે રૂ.૩૭૭ ઘટી રૂ.૯૬૦૯૫ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની જુલાઈ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૨૧૫ ઘટી રૂ.૭૭૫૪૫ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ જુલાઈ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૩૯ ઘટી રૂ.૯૭૨૯ના સ્તરે પહોંચ્યો હતો. સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૮૮ ઘટી રૂ.૯૬૦૯૭ થયો હતો. ગોલ્ડ-ટેન જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૬૫૧૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૬૭૬૨ અને નીચામાં રૂ.૯૬૧૦૧ના સ્તરને સ્પર્શી, રૂ.૯૬૭૦૩ના આગલા બંધ સામે રૂ.૩૮૨ ઘટી રૂ.૯૬૩૨૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૦૭૮૮૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૮૨૮૦ અને નીચામાં રૂ.૧૦૭૪૦૩ના મથાળે અથડાઈ, રૂ.૧૦૭૯૮૫ના આગલા બંધ સામે રૂ.૧૮ ઘટી રૂ.૧૦૭૯૬૭ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ઓગસ્ટ વાયદો રૂ.૧૮ ઘટી રૂ.૧૦૭૮૪૫ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ વાયદો રૂ.૨૨ ઘટી રૂ.૧૦૭૮૧૫ના સ્તરે પહોંચ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૧૯૯૮.૯૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું જુલાઈ વાયદો રૂ.૬.૯૫ ઘટી રૂ.૮૮૩.૫૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત જુલાઈ વાયદો ૮૫ પૈસા વધી રૂ.૨૫૬.૮ થયો હતો. એલ્યુમિનિયમ જુલાઈ વાયદો ૩૦ પૈસા ઘટી રૂ.૨૪૮.૪ થયો હતો. સીસું જુલાઈ વાયદો ૨૦ પૈસા ઘટી રૂ.૧૮૦.૬ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૧૮૪૧.૪૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ક્રૂડ તેલ જુલાઈ વાયદો બેરલદીઠ રૂ.૫૮૫૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૯૧૦ અને નીચામાં રૂ.૫૮૪૨ના સ્તરને સ્પર્શી, રૂ.૫૮૮૬ના આગલા બંધ સામે રૂ.૧૪ ઘટી રૂ.૫૮૭૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની જુલાઈ વાયદો રૂ.૧૦ ઘટી રૂ.૫૮૭૪ થયો હતો. નેચરલ ગેસ જુલાઈ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૫.૪ ઘટી રૂ.૨૮૨.૧ થયો હતો. નેચરલ ગેસ-મિની જુલાઈ વાયદો રૂ.૫.૨ ઘટી રૂ.૨૮૨.૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૯૧૩ના ભાવે ખૂલી, રૂ.૫.૬ ઘટી રૂ.૯૦૮.૨ના ભાવે બોલાયો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૬૦૬૪.૯૩ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૨૬૭૬.૪૯ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૬૬૬.૪૧ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૮૫.૭૯ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૧.૬૫ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૩૫.૧૪ કરોડનાં કામકાજ થયાં હતાં.

ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૩૨.૨૬ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૩૦૯.૧૪ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૦.૯૫ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૫૭૫૨ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૩૭૪૯ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૮૧૨૩ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૩૮૭૯૩ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૧૭૯૭ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૭૨૩૩ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૬૯૯૯ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૫૩૩૫૮ લોટના સ્તરે રહ્યો હતો. ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૯૧૧૭ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૦૩૮૧ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ જુલાઈ વાયદો ૨૨૪૮૬ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૨૪૮૬ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૨૪૦૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૬૬ પોઈન્ટ ઘટી ૨૨૪૩૬ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જુલાઈ રૂ.૫૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૮.૬ ઘટી રૂ.૧૧૫.૬ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જુલાઈ રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૨ ઘટી રૂ.૧૦.૮૫ થયો હતો.

સોનું જુલાઈ રૂ.૯૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦૪ ઘટી રૂ.૮૦૧ થયો હતો. આ સામે ચાંદી જુલાઈ રૂ.૧૦૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૦ ઘટી રૂ.૨૩૪૩.૫ થયો હતો. તાંબું જુલાઈ રૂ.૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૩૩ ઘટી રૂ.૭.૫૧ના ભાવે બોલાયો હતો. જસત જુલાઈ રૂ.૨૫૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૧૬ પૈસા વધી રૂ.૪.૬૯ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જુલાઈ રૂ.૫૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૮.૮૫ ઘટી રૂ.૧૧૬.૯૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની જુલાઈ રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૨ ઘટી રૂ.૧૦.૯ થયો હતો. સોનું-મિની જુલાઈ રૂ.૯૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪૪ ઘટી રૂ.૧૨૦૩ થયો હતો. ચાંદી-મિની જુલાઈ રૂ.૧૦૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૭ ઘટી રૂ.૨૨૩૦ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જુલાઈ રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧.૧ વધી રૂ.૯૧.૯ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ જુલાઈ રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૪૫ વધી રૂ.૧૨.૮ના ભાવે બોલાયો હતો.

સોનું જુલાઈ રૂ.૯૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૭.૫ વધી રૂ.૭૦૮ થયો હતો. આ સામે ચાંદી જુલાઈ રૂ.૧૦૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩ ઘટી રૂ.૧૮૮૭.૫ના ભાવે બોલાયો હતો. તાંબું જુલાઈ રૂ.૮૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૭૪ વધી રૂ.૧૧.૮૪ થયો હતો. જસત જુલાઈ રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૧૬ પૈસા ઘટી રૂ.૧.૧૬ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જુલાઈ રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧.૨ વધી રૂ.૯૪.૧ થયો હતો. નેચરલ ગેસ-મિની જુલાઈ રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૫૫ વધી રૂ.૧૨.૯ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જુલાઈ રૂ.૯૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૧ વધી રૂ.૧૧૨૭ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની જુલાઈ રૂ.૧૦૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૮ વધી રૂ.૧૮૪૭ થયો હતો.

# રાજકોટ પોલીસે ભાંગરો વાટયો: એફઆઈઆરમાં ફરીયાદીને આરોપી બનાવી ચાર્જશીટ પણ તૈયાર કરી દીધી: અંતે હાઈકોર્ટે એફઆઈઆર કરી રદ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટ શહેરના ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર દ્વારા વર્ષ ૨૦૨૩ માં નોંધવામાં આવેલી મારામારી અને જાનથી મારી નાખવાની ધમકી આપવાના કેસમાં ભાંગરો વાટવામાં આવ્યો હતો અને ખુદ જે ફરીયાદી હતો તેને જ આરોપી તરીકે દર્શાવ્યો હતો એટલે કે ખુદ ફરીયાદીએ કરેલી ફરીયાદમાં તેને આરોપી બતાવ્યો હતો. જયારે આરોપી હતો તેને ફરીયાદી બતાવ્યો હતો અંતે આ વાત બહાર આવતા ગુજરાત હાઈકોર્ટે આ ફરીયાદ રદ કરી દીધી હતી.

ખુદ સરકારી વકીલ દ્વારા પણ ઓનલાઈન ફરીયાદ નોંધતી વખતે ટાઈપીંગની ભુલના કારણે આમ થયુ હોવાનુ સ્વીકાર કરતા હાઈકોર્ટે ફરીયાદ રદ કરી લીધી હતી. મુળ વિગતો પ્રમાણે જોઈએ તો ગીર સોમનાથના સુત્રાપાડાના એક ગામના વતની પુંજાભાઈ બારડ રાજકોટના કાલાવાડ રોડ ઉપર આવેલા ડોમીનોઝ પિત્ઝા માં મેનેજર તરીકે નોકરી કરતા હતા, આ જે શોપ આવેલી છે ત્યાં તેઓને પાર્કિંગ ફાળવવામાં આવ્યુ હતુ અને શોપના ગ્રાહકો માટે આ પાર્કિંગ ખાલી રાખવામાં આવ્યુ હતું.

દરમિયાન ગઈ તા. ૨ ડીસેમ્બર ૨૦૨૩ ના રોજ મહિપાલસિંહ ઝાલા અને ૩ અન્યોએ આવીને આ શોપના પાર્કિંગમાં કાર પાર્ક કરી હતી. કાર હટાવી લેવા માટે બારડે ઝાલાને કહેતા મામલો બીચકયો હતો અને બંને પક્ષો વચ્ચે મારામારી થઈ હતી, દરમિયાન પોલીસ ઘટનાસ્થળે પહોચી ગઈ હતી અને તમામને ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી, ત્યાં બંને પક્ષોએ સામ સામે ફરીયાદ નોંધાવવા માટે પોલીસને જણાવ્યુ હતુ દરમિયાન પોલીસે જે ફરીયાદ નોંધી હતી તેમાં બારડની ફરીયાદ લઈને ખુદ બારડને જ આરોપી તરીકે દર્શાવ્યા હતા.

જયારે મહિપાલસિંહ ઝાલા તથા અન્યોને ફરીયાદી તરીકે બતાવ્યા હતા. મુળ ફરીયાદ એવી રીતે લખવામાં આવી હતી જેમાં ઝાલાને ફરીયાદી અને બારડને આરોપી બતાવવામાં આવ્યા હતા. ત્યારબાદ ઝાલા દ્વારા તેને માર મારવામાં આવ્યો હોય તેની ટુંકી નોંધ લખી હતી. જયારે ફરીયાદના ફકરા નં. ૧૨ ના મુખ્ય ભાગમાં બારડ દ્વારા નોધવામાં આવેલા નિવેદનને લઈને મહિપાલસિંહ ઝાલા તથા ૩ અન્યોને આરોપી બતાવવામાં આવ્યા હતા. આમ ફરીયાદના મુખ્ય ભાગમાં આરોપીને ફરીયાદી અને ફરીયાદીને આરોપી બતાવવામાં આવતા, આથી બારડે પોલીસને રજુઆત કરી હતી કે તેણે પોતે ફરીયાદ આપી છે, પરંતુ તેને ફરીયાદીના બદલે આરોપી બતાવી દેવામાં આવ્યો છે. તો ફરીયાદમાં ફેરફાર કરવો જોઈએ, પરંતુ પોલીસે તેની વિનંતીને ધ્યાનમાં લીધી ન હતી અને ફરીયાદ સુધારવા માટે મેજીસ્ટ્રેટ સમક્ષ કરવાની થતી કાયદેસર કાર્યવાહી પણ કરી ન હતી, આથી પોલીસે આવી ભુલ ભરેલી ફરીયાદમાં જ તપાસ કરીને ચાર્જશીટ કરી નાખી હતી. આમ બારડ દોઢ વરસ તરીકે આરોપી તરીકે દર્શાવવામાં આવ્યો હતો. આથી તેણે એડવોકેટ મારફતે હાઈકોર્ટમાં પીટીશન કરતા સરકારી વકીલે સ્વીકાર્યુ હતુ કે ઓનલાઈન ફરીયાદ લખતી વખતે ટાઈપોગ્રાફીકલ ભુલ ના કારણે આમ થયુ છે. એટલુ જ નહી ફરીયાદ અલગ અને ચાર્જશીટ અલગ છે. બીજુ કે પોલીસ દ્વારા ફરીયાદ સુધારવા માટે કોઈ પગલા નથી લેવાયા, આ સમગ્ર બાબત ધ્યાનમાં લઈને હવે હાઈકોર્ટે ફરીયાદ રદ કરવાનો આદેશ કર્યો હતો.

# આહિર સમાજના અગ્રણી હિરાભાઈ જોટવાના ધરપકડ કેસમાં ન્યાયીક તપાસ કરાવો

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



આહિર સમાજના અગ્રણી હિરાભાઈ જોટવાની ધરપકડના કેસમાં ન્યાયીક તપાસ કરાવવાની માંગણી ઉઠાવી આહિર સેના દ્વારા આજે બુધવારે કલેકટર ને આવેદનપત્ર આપી રજુઆત કરવામાં આવી હતી.

આહિર સમાજના આગેવાનોએ આ અંગે જણાવ્યુ હતુ કે હાલમાં મનરેગાના કથિત કૌભાંડની તપાસ ભરૂચ પોલીસ ચલાવી રહી છે આ તપાસમાં આહીર સમાજના ભામાશા અને જાહેર જીવનનુ ઘરેણુ એવા હિરાભાઈ જોટવાની બિનકાયદેસર ધરપકડ કરવામાં આવી છે, આ કથિત કૌભાંડની તપાસમાં જે બે એજન્સીઓના નામ ખુલ્યા છે તે બંને એજન્સીમાં હિરાભાઈ જોટવા પ્રોપરાઈટર પણ નથી કે નથી ભાગીદાર અને ઓન રેકર્ડ કોઈપણ જાતના પુરાવા ન હોવા છતાં પણ હિરાભાઈ જોટવાની બિનકાયદેસર ધરપકડ કરવામાં આવી છે, આહિર સમાજ હંમેશા ભ્રષ્ટાચાર વિરોધી રહ્યો છે પરંતુ આ ધરપકડ માત્ર ને માત્ર હિરાભાઈ જોટવાને બદનામ કરવાના ઈરાદે કરવામાં આવી હોય તેવુ આહિર સમાજને લાગી રહ્યુ છે તેમજ સરકારમાં બેઠેલા અમુક લોકો હિરાભાઈ ઉપર પ્રેશર ટેકનીક અપનાવતા હોય તેવુ સ્પષ્ટ જણાઈ રહ્યુ છે. કારણ કે આ કેસમાં અગાઉ સત્તાધારી પક્ષ સાથે જોડાયેલ લોકોના નામ પણ ખુલ્યા હતા. જેથી સત્તાધીશો તે નામ દબાવવા અને હીરાભાઈ જેવા જાહેર જીવનના વ્યકિતને ખોટી રીતે સંડોવી બદનામ કરી રાજકીય કિન્નાખોરી રાખી રહ્યા છે જે આહિર સમાજ કોઈ કાળે સાખી લેશે નહી.

આ બાબતે ન્યાય નહી મળે તો આવનારા દિવસોમાં સમસ્ત આહિર સમાજ ગુજરાતના બેનર નીચે મહાસંમેલન બોલાવી અન્યાય સામે અવાજ ઉઠાવીશુ, આ રજુઆતમાં મનોજભાઈ ચાવડા (પ્રદેશ કોર કમિટી મેમ્બર આહિર સેના ગુજરાત) કમલેશભાઈ કોઠીવાળ (પ્રદેશ પ્રવકતા આહિર સેના ગુજરાત) ભરતભાઈ કાનગડ (પ્રમુખ આહિર સેના રાજકોટ જિલ્લો) વરૂભાઈ ડાંગર (મહામંત્રી આહિર સેના રાજકોટ જિલ્લો) પ્રભાતભાઈ ડાંગર, નિલેશભાઈ મારૂ, સુરેશભાઈ ગરે, અશોકભાઈ જળુ, પ્રવિણભાઈ મૈયડ, અજીતભાઈ વાંક, રામભાઈ આહિર, પ્રભાતભાઈ હુંબલ , નારણભાઈ બાલસરા, સહિતના આહિર સમાજ અગ્રણીઓ આવેદનપત્ર આપવાના કાર્યક્રમમાં જોડાયા હતા.

### સોમનાથ દર્શને જવા માટે ગુજરાત એસટી દ્વારા વિશેષ AC Volvo બસની સુવિધા ઉપલબ્ધ

# પ્રથમવાર સોમનાથ ખાતે આગામી શ્રાવણ માસના દર સોમવારે ભગવાન શિવજીના વિશિષ્ટ સ્વરૂપ દર્શાવતો આધ્યાત્મિક-શાસ્ત્રીય કાર્યક્રમ 'વંદે સોમનાથ' યોજાશે

### આ વર્ષે શ્રાવણ માસના કુલ ૦૬ સોમવારે શ્રી સોમનાથ જ્યોતિર્લિંગના વિવિધ ત્રણ સ્થળો પર 'વંદે સોમનાથ' કાર્યક્રમનું આયોજન

ગુજરાતમાં આવેલા પ્રસિદ્ધ જ્યોતિર્લિંગ સોમનાથ ખાતે પ્રથમવાર શ્રાવણ માસના દર સોમવારે ભગવાન શિવજીના નટરાજ સહિત વિશિષ્ટ સ્વરૂપ દર્શાવતો 'વંદે સોમનાથ' આધ્યાત્મિક-સાંસ્કતિક કાર્યક્રમ યોજાશે. ભગવાન સોમનાથ દેશભરમાં શિવના ૧૨ જ્યોતિર્લિંગોમાં પ્રથમ છે. ભગવાન સોમનાથ અને નટરાજ એમ શિવના બંને વિશિષ્ટ સ્વરૂપો છે, જે સોમનાથ મંદિરમાં નટરાજના વિવિધ સ્વરૂપોમાં જોવા મળે છે. ખાસ કરીને સોમનાથ મહોત્સવમાં, જ્યાં સંગીત અને નૃત્ય દ્વારા શિવની આરાધના થાય છે. સોમનાથ મંદિરનું ભવ્ય પરિસર માત્ર પૂજાના સ્થળ તરીકે જ નહીં, પરંતુ ઈતિહાસ અને સંસ્કૃતિનું સંગમ સ્થાન પણ છે. પવિત્ર પ્રદર્શનનું એક શક્તિશાળી કાર્ય જે કલાત્મકતા સાથે આધ્યાત્મિકતાને પણ રજૂ કરે છે. વધુમાં પ્રસિદ્ધ યાત્રાધામ સોમનાથ ખાતે દર વર્ષે શ્રાવણના પવિત્ર મહિનામાં દેશભરમાંથી લાખો શ્રદ્ધાળુઓ ભગવાન શિવજીના દર્શન માટે આવતા હોય છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં તેમજ પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરાના નેતૃત્વમાં એક નવતર પ્રયાસ રૂપે ગુજરાત પ્રવાસન વિભાગ, સોમનાથ ટ્રસ્ટ અને ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર ધી આર્ટસના સંયુક્ત ઉપક્રમે પ્રથમવાર ચાલુ વર્ષે શ્રાવણ માસના દર સોમવારના દિવસે 'વંદે સોમનાથ' કાર્યક્રમ અંતર્ગત પ્રસિદ્ધ કલાકારો-નૃત્યકારોના માધ્યમથી ભગવાન શિવજીના નટરાજ સ્વરૂપના નૃત્ય, આધ્યાત્મ અને સાંસ્કૃતિક અભિવ્યક્તિને પુનર્સ્થાપિત કરવાનો અનોખો પ્રયત્ન શરૂ કરવામાં આવનાર છે. આગામી શ્રાવણ માસના દરેક સોમવારે એટલે કે તા.૧૪, ૨૧,૨૮, જુલાઈ તેમજ ૦૪,૧૧ અને ૧૮ ઓગસ્ટ-૨૦૨૫ એમ કુલ ૦૬ સોમવારે વંદે સોમનાથ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમ માટે સોમનાથ ખાતે શ્રી સોમનાથ મંદિર ચોપાટી, પ્રોમોનેડ વોક વે પર શ્રી સોમનાથ મંદિર સામે તેમજ સાગરદર્શન ભવનથી શ્રી સોમનાથ મંદિર તરફ જતા માર્ગ-સ્થળની પસંદગી કરવામાં આવી છે. સોમનાથ મંદિર ખાતે આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મહત્વને રજૂ કરતા આ કલાસિકલ-શાસ્ત્રીય સ્વરૂપે વંદે સોમનાથ કાર્યક્રમને માણવા ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા સૌ ભક્તોને અનુરોધ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ભગવાન સોમનાથના દર્શને જવા ભક્તો માટે ગુજરાત એસટી દ્વારા રાણીપ,અમદાવાદથી વિશેષ છઝ ફ્ંદ્દ બસની દૈનિક સુવિધા પણ શરૂ કરવામાં આવી છે. બે દિવસ અને એક રાત્રિ રોકાણ સાથેની આ ટ્રિપ- પેકેજ અંતર્ગત રોજ સવારે ૬.૦૦ કલાકે રાણીપથી ઉપડતી આ બસ સાંજે ૪.૦૦ કલાકે સોમનાથ આવી પહોંચે છે. આ બસમાં એક યાત્રી માટે જવા-આવવાની ટિકિટ રૂ.૪,૦૦૦ તેમજ બે વ્યક્તિ માટે જવા-આવવાની રૂ.૭,૦૫૦ નક્કી કરવામાં આવી છે.

# તા.૯ જુલાઈથી ગંભીરા પુલ પુનઃકાર્યરત ન થાય ત્યાં સુધી તમામ પ્રકારના વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ

### ગંભીરા બ્રીજ ઉપર આવતા અને જતા તમામ પ્રકારના વાહનો માટે વૈકલ્પિક માર્ગો પર રૂટ ઉપર ડાયવર્ટ કરવામાં આવ્યા

મધ્ય ગુજરાતથી સૌરાષ્ટ્રને જોડતો મહીસાગર નદી ઉપરનો ગંભીરા પુલ આજ રોજ વહેલી સવારે તુટી ગયેલ હોય જેના પરીણામે આ રસ્તા ઉપર વાહનની અવર-જવર દરમ્યાન કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે વાહન વ્યવહાર બંધ કરવાનું ઈચ્છનીય હોઈ આજથી તા.૯ જુલાઈથી ગંભીરા પુલ પુનઃકાર્યરત ન થાય ત્યાં સુધી તમામ પ્રકારના વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવાતું જાહેરનામું અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ ઋતુરાજ દેસાઈ પ્રસિદ્ધ કર્યું છે.ગંભીરા બ્રીજ ઉપર આવતા અને જતા તમામ પ્રકારના વાહનો માટે વૈકલ્પિક માર્ગો પર રૂટ ઉપર ડાયવર્ટ કરવામાં આવ્યો છે.પ્રતિબંધીત રૂટ જોઈએ તો પાદરા આણંદને જોડતા ગંભીરા પુલ ઉપર તમામ પ્રકારના વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ તથા ઉમેટા બ્રીજ ભારે વાહનો માટે પ્રતિબંધીત કરવામાં આવ્યો છે.ડાયવર્ટેડ કરેલ રૂટની વિગતો જોઈએ તો,તારાપુરથી વડોદરા જતા ભારે વાહનોએ સીધા વાસદ થઈને વડોદરા તરફ રૂટનું ડાયવર્ટ કરાયો છે. તદ ઉપરાંત બોરસદ તાલુકાના ગામડાઓમાંથી વડોદરા તરફ જતા નાના વાહનોએ ગંભીરા બ્રિજ તરફ જવાની જગ્યાએ ઉમેટા થઈને નીકળવું તેમજ ભારે વાહનોએ વાસદ રૂટનો ઉપયોગ કરવા જણાવવામાં આવ્યું છે. વધુમાં,પાદરા તરફથી આણંદ કે તારાપુર તરફ જતા વાહનોએ ગંભીરા બ્રીજની જગ્યાએ નાના વાહનોએ ઉમેટા તરફ જવા અને મોટા વાહનોને વાસદ થઈને નિકળવા જણાવવામાં આવ્યું છે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

# હિંમતનગર ખાતે જિલ્લા ભાજપ દ્વારા સરપંચોનો અભિવાદન સમારોહ યોજાઈ ગયો

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લા ભાજપ દ્વારા તાજેતરમાં યોજાયેલી ગ્રામ પંચાયતોની ચુંટણીઓમાં સરપંચ તરીકે ચુંટાયેલા જિલ્લાના અનેક સરપંચોનો ગઈ કાલે મંગળવારે હિંમતનગરના સહકારી જીન વિસ્તારમાં આવેલ પ્રથમ સ્કવેરમાં અભિવાદન સમારોહ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતું.

જેમાં ચુંટાયેલા સરપંચો તથા સમરસ પંચાયતના સરપંચોનુ અભિવાદન કરાયા બાદ ભાજપના પ્રભારી ગજેન્દ્રભાઈ સકસેના, જિલ્લા પ્રમુખ કનુભાઈ પટેલ, સાંસદ શોભનાબેન બારૈયા, ધારાસભ્ય વી ડી ઝાલા, ધારાસભ્ય રમણલાલ વોરા, ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, પ્રદેશ ઉપાધ્યક્ષ કૌશલ્યા કુંવરબા, મહામંત્રી વિજય પંડયા, લોકેશ સોલંકી, સહિત પક્ષના પદાધિકારીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.



# જામજોધપુરના આંબેડકર ચોકમાં એલસીબીનો જુગાર અંગે દરોડા પડ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર જિલ્લાના જામજોધપુર ટાઉનમાં આંબેડકર ચોકમાં ગઈકાલે મોડી રાત્રે એલસીબીની ટુકડીએ જુગાર અંગે દરોડો પાડયો હતો, અને પત્તા પ્રેમીઓની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રુપિયા ૧,૯૪,૬૫૦ની માલમતા કબજે કરી છે. જામનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે પૂર્વ બાતમીના આધારે ગઈ કાલે રાત્રે જામજોધપુર ટાઉનમાં આંબેડકર ચોકમાં જુગાર અંગે દરોડો પાડયો હતો. જ્યાં ગંજી પાના વડે જુગાર રમી રહેલા ઈશાભાઈ ઓસમાણભાઈ રાવકડા, બસીર અહેમદભાઈ સમા, હુસૈન સુમારભાઈ સંધિ, હનીફ મહમ્મદભાઈ રાવકડા, ઈબ્રાહીમ મુસાભાઈ રાવકડા, તેમજ મહંમદ મુસાભાઈ કટારીયા ની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૨૩,૬૫૦ ની રોકડ રકમ, ચાર નંગ મોબાઈલ ફોન અને ચાર બાઈક સહિત રૂપિયા ૧,૯૪,૬૫૦ ની માલમતા કબજે કરી છે.

# સુરત પાલિકાના વરાછા ઝોનમાં બોમ્બે માર્કેટ પાસે મોટો ભુવો પડ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત શહેરમાં પડેલા વરસાદ બાદ શહેરના સંખ્યાબંધ રસ્તાઓ તૂટી ગયાં છે અને પાલિકા તંત્ર પોતાની નિષ્ફળતા છુપાવવા ખાડાઓની જાદુઈ ગણતરી કરી રહી છે.

આ ગણતરી વચ્ચે સુરત પાલિકાના વરાછા ઝોનમાં ટ્રાફિકથી ધમધમતા બોમ્બે માર્કેટ વિસ્તારમાં અચાનક ભુવો પડી જતાં લોકોમાં ગભરાટ ફેલાયો છે. પાલિકાએ ભુવાની આસપાસ બેરિકેટિંગ કરી રીપેરીંગ માટેની કામગીરી હાથ ધરી છે. સુરતમાં બે દિવસથી વરસાદનું જોર ઘટ્યું છે અને પાલિકા વિસ્તારમાં તુટેલા રસ્તા રીપેર કરવાની કામગીરી જોરમાં શરૂ કરવામાં આવી છે. જોકે, સંકલન બેઠકમાં સુરતમાં રસ્તા કઈ રીતે તૂટી રહ્યા છે અને રોડ તુટ્યા છે તેના માટે જવાબદાર કોણ છે તેવો પ્રશ્ન પૂછ્યો હતો પરંતુ અધિકારીઓ જવાબ આપી શક્યા ન હતા. તો બીજી તરફ પાલિકા શહેરના ખાડા ગણતરી માટે જાદુઈ આંકડા જાહેર કરી રહી છે.


**પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ**

RCC બિલ્ડીંગ અને રનિંગ રૂમનું વિસ્તરણ

ઈ-ટેન્ડર નંબર: DRM-ADI-90-2025-26

**કામનું નામ:** ગાંધીધામ ખાતે RCC બિલ્ડીંગ અને રનિંગ રૂમનું વિસ્તરણ (બેલેન્સ વર્ક) (કમ્પોઝિટ વર્ક)

**અંદાજિત કિંમત:** ₹2,28,12,212.95 | **EMD રકમ:** ₹2,64,100.00

**ઈ-ટેન્ડર સમાપ્તિ તારીખ:** 05/08/2025 સમય 15:00 કલાક

**કાર્યાલયનું સરનામું:** સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (સમ.) અમદાવાદ, ડી.આર.એમ. ઓફિસ, ચામુંડા બ્રિજ પાસે, ન્યૂ સ્વદેશી મિલ સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345 101


અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# મહિસાગર બ્રિજ દુર્ઘટના : વડોદરા નજીક બ્રિજ તુટતા ૧૩ ના મોત : ૨૦૨૨ના પત્રએ સરકારની પોલ ખોલી

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

મધ્ય ગુજરાતને સૌરાષ્ટ્ર સાથે જોડતો અને ૪૫ વરસ જુનો ગંભીરા બ્રિજ આજે ૯ જુલાઈએ વહેલી સવારે ધરાશાયી થતા મોટી દુર્ઘટના સર્જાઈ હતી, મહિસાગર નદી પર બનેલો આ બ્રિજ તુટતા બે ટ્રક અને એક બોલેરો સહિત ચાર વાહનો નદીના પ્રવાહમાં ગરકાવ થઈ ગયા હતા. આ ભયાનક દુર્ઘટનામાં ૧૩ લોકોના મૃત્યુ થયાની વિગતો બહાર આવી છે, જયારે ૮ લોકોને રેસ્કયુ કરી બચાવી લેવાયા હતા. દુર્ઘટનાને પગલે આ બ્રિજથી જતો આણંદ-વડોદરા-ભરૂચ વચ્ચેનો વાહન વ્યવહાર ઠપ થઈ ગયો છે,

આજે વહેલી સવારે જયારે વાહનોની અવર જવર ચાલુ હતી ત્યારે અચાનક જ ગંભીરાબ્રિજ નો મોટો હિસ્સો બે ટુકડામાં તુટીને મહિસાગર નદીમાં ખાબકયો હતો, બ્રિજ પરથી પસાર થઈ રહેલા ચાર વાહનો સીધા જ નદીના ધસમસતા પ્રવાહમાં પડયા હતા આ ઘટનામાં માંડ માંડ બચેલા લોકોએ મીડીયાને જણાવ્યુ હતુ કે અચાનક બ્રિજ તુટયો અને અમે નીચે પડયા, અમારા ધબકારા વધી ગયા હતા. દુર્ઘટનાની જાણ થતા જ નજીકના મુજપુર ગામના લોકો સૌ પ્રથમ મદદ માટે દોડી આવ્યા હતા અને પાણીમાં



તરફડીયા મારી રહેલા ૩ લોકોને બચાવી લીધા હતા. થોડી જ વારમાં પાદરા પોલીસ, વડોદરા ફાયર બ્રિગેડની ૩ ટીમો અને ૧૦૮ એમ્બ્યુલન્સ ની ૮ ટીમો (વડોદરા ની ૬ અને આણંદની -૨) ઘટનાસ્થળે પહોચી ગઈ હતી જો કે ત્યાં સુધીમાં ૧૩ લોકોના મોતની વિગતો મળી હતી.

ઘટનાસ્થળે પહોચેલા પાદરા મામલતદાર અને અન્ય અધિકારીઓ સામે સ્થાનિક લોકોએ રોષ ઠાલવ્યો હતો, લોકોનો આરોપ હતો કે ૪૫ વરસ જુનો આ બ્રિજ ઘણા સમયથી જર્જરીત હતો અને તેના સમારકામ માટે તંત્રને અનેકવાર રજુઆત કરવામાં આવી હતી પરંતુ કોઈ જ કાર્યવાહી ન કરાતા આજે આ દુર્ઘટના સર્જાઈ છે. જેની સંપૂર્ણ જવાબદારી તંત્ર ની છે.

આ બ્રિજ ભરૂચ, સુરત અને વલસાડ જેવા દક્ષિણ ગુજરાતના શહેરોને સૌરાષ્ટ્ર સાથે જોડતો મહત્વનો અને ટુંકો માર્ગ હતો, તેના તુટી પડવાથી હવે મુસાફરોને લાંબો ફેરાવો લેવાની ફરજ પડશે. જેનાથી સમય અને નાણાંનો વ્યય થશે, ટોલ પ્લાઝા પર પણ લાંબી કતારો લગાવવામાં આવી છે.

કોંગ્રેસના અમિત ચાવડાએ ઘટના પર દુઃખ વ્યકત કરતા કહ્યુ હતુ કે આણંદ અને વડોદરા જિલ્લાને જોડતો મુખ્ય ગંભીરાબ્રિજ તુટી પડયો છે, અનેક વાહનો નદીમાં પડતા મોટી જાનહાનિ થઈ છે. સરકારી તંત્ર તાત્કાલીક બચાવ કામગીરી હાથ ધરે અને ટ્રાફીક માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે,

ગંભીરાબ્રિજ તુટી પડયો તેને લઈને એક પત્ર હાલમાં માધ્યમો થકી બહાર આવ્યો છે, જેમાં સ્ફોટક વિગતો મળી છે તેમાં પાદરાના કોંગ્રેસના માજી ધારાસભ્ય જશપાલસિંહ પઢીયાર દ્વારા આ બ્રિજ જર્જરીત હાલતમાં હોવાથી તેનુ નવીનીકરણ થવુ જોઈએ તેવી માંગ કરી હતી, ઉપરાંત જિલ્લા પંચાયતના સભ્ય હર્ષદસિંહ પરમારે ૨૦૨૨ માં આર એન્ડ બી વિભાગને લેખિત રજુઆત કરી હતી કે મુજપુર પાસેનો આ બ્રિજ અત્યંત ગંભીર હાલતમાં છે, ભયજનક છે, અમને વિશ્વાસપાત્ર વર્તુળો જણાવે છે કે આ બ્રિજના પીલર્સમાં મોમેન્ટ આવી ગઈ છે, જેના કારણે ભયજનક રીતે બ્રિજ પરથી ભારે વાહનો પસાર થાય ત્યારે ધ્રુજારી આવી જાય છે. બ્રિજ ની સરફેસ સતત ખરાબ થતી જાય છે, વારંવાર રીપેર કર્યો છતાં પણ સ્થિતિ બગડી જાય છે, આપ સાહેબને નમ્ર વિનંતી છે કે બ્રિજને જોખમી જાહેર કરીને બંધ કરવામાં આવે અને નવો બ્રિજ બનાવવામાં આવે, લોકોના જવા આવવા પર જોખમ રહેલુ છે આ જોખમ દુર કરવામાં આવે અન્યથા ભવિષ્યમાં આ બ્રિજના કારણે જાનહાનિ થશે અને તેની સંપુર્ણ જવાબદારી સંબંધીત તમામ સત્તાધિશોની રહેશે, અને જો આવુ કરવામાં નહી આવે તો ના છુટકે યુવા સેના ગુજરાત દ્વારા જલદ આંદોલનના મંડાણ કરવા પડશે.

પત્રમાં તા. ૪/૮/૨૦૨૨ લખેલી છે જે જિલ્લા કલેકટર કચેરી દ્વારા સંબંધીત માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેરને લેખિત રીતે રીપોર્ટ આપવા અને કાર્યવાહી કરવા કહેવામાં આવ્યુ હતું. હવે આ પત્ર બાદ કોઈ કાર્યવાહી થઈ કે કેમ તે અંગે હજુ સવાલ ઉભો છે.

# મહિસાગર બ્રિજ દુર્ઘટનાના મૃતકોના પરીવારને ૪ લાખ રૂપીયાની અને ઈજાગ્રસ્તોને રૂ.૫૦ હજારની સહાયની સરકારે કરી જાહેરાત

પ્રતિનિધિ,ગાંધીનગર

વડોદરા જિલ્લાના પાદરા થી ભરૂચ તરફ જવાના મહિસાગર નદી પરનો બ્રિજ તુટી પડયો છે. જેમાં ૧૩ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. આ દુર્ઘટના અંગે વડાપ્રધાન મોદીએ સહાનુભુતિ વ્યકત કરી છે. મૃતકોના પરીવારને ૪ લાખ ની જાહેરાત કરવામાં આવી છે. જયારે ઈજાગ્રસ્તોને ૫૦ હજારની સહાયની જાહેરાત કરાઈ છે. ઈજાગ્રસ્તો ઝડપથી સ્વાસ્થ્ય થાય તેવી કામના આપી છે. બ્રિજ દુર્ઘટનાને લઈને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પણ દુઃખ વ્યકત કર્યુ છે. મૃતકોના આત્માની શાંતિ માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે



પ્રાર્થના કરી હતી.

ઈજાગ્રસ્તોની સારવાર માટે વડોદરા કલેકટરને સુચના આપી છે, મુખ્યમંત્રીએ માર્ગ મકાન વિભાગને તાત્કાલીક તપાસના આદેશો આપ્યા છે, બચાવ રાહત કામગીરી માટે સતત તરવૈયા કાર્યરત કરવામાં આવ્યા છે, જો કે એનડીઆરએફ ની ટીમે ઘટનાસ્થળે પહોચી બચાવમાં જોડાઈ હતી. દુર્ઘટનાના કારણોની તપાસ માટે ખાસ ટીમને બોલાવાઈ છે. આ માટે ચીફ એન્જીનીયર, ડીઝાઈન તથા ચીફ ઈજનેર સાઉથ ગુજરાત અને પુલ નિર્માણમાં નિષ્ણાંત અન્ય બે ખાનગી ઈજનેરોની ટીમને તાત્કાલીક ઘટનાસ્થળે પહોચીને બ્રિજ તુટી પડવાના કારણો તથા અન્ય ટેકનીકલ બાબતો પર પ્રાથમિક તપાસ હાથ ધરી અહેવાલ આપવા સુચનાઓ આપવામાં આવી છે.

# વકીલો અને પોલીસ વચ્ચેના વધતા જતા સંઘર્ષ મુદ્દે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની તાત્કાલીક મુખ્યમંત્રીને મુલાકાતની માંગ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં અધિવકતાઓ (વકીલો) અને પોલીસદળ વચ્ચે વધતા જતા સંઘર્ષના બનાવોને લઈને બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા રાજય સરકાર સમક્ષ તાકીદે રૂબરૂ મુલાકાત માટે રજુઆત કરવામાં આવી છે, આ અંગે બાર કાઉન્સિલ દ્વારા અગાઉ પણ પત્રો પાઠવવામાં આવ્યા હતા પરંતુ કોઈ પ્રત્યુત્તર ન મળતા ફરીથી વિનંતી કરાઈ છે.

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતે રાજયપાલને લખેલા પત્રમાં જણાવ્યુ છે કે તેઓ અધિવકતાઓ અને પોલીસદળ વચ્ચે ના વધતા




જતા સંઘર્ષના બનાવોની સમસ્યા અંગે સવિસ્તર ચર્ચા કરવા માંગે છે. આ મુલાકાત દરમિયાન માનનીય કાયદા મંત્રી ગુજરાત સરકાર, માનનીય ગૃહમંત્રી ગુજરાત સરકાર તેમજ સંબંધીત પોલીસ અધિકારીઓ પણ ઉપસ્થિત રહે તેવી વિનંતી કરવામાં આવી છે, પત્રમાં ૯ જુન ૨૦૨૫ અને ૧ જુલાઈ ૨૦૨૫ ના રોજ પાઠવવામાં આવેલા પત્રોનો સંદર્ભ આપતા બાર કાઉન્સિલે દુઃખ વ્યકત કર્યુ છે કે આ બાબતે રાજયપાલ તરફથી કોઈ પ્રત્યુત્તર મળ્યો નથી, વિષયની ગંભીરતાને ધ્યાનમાં લઈને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના પ્રતિનિધિ મંડળને સદભાવના મુલાકાત માટે તાકીદે સમય ફાળવવા ફરી રજુઆત કરવામાં આવી છે.

અગાઉના પત્રોની નકલ પણ આ રજુઆત સાથે મોકલવામાં આવી છે. વકીલો અને પોલીસ વચ્ચેના ઘર્ષણના બનાવો સમાજમાં ચિંતાનો વિષય બન્યા છે. ત્યારે બાર કાઉન્સિલ ની આ તાત્કાલીક મુલાકાતની માંગ આ મુદ્દાના નિરાકરણ માટેના પ્રયાસરૂપે જોવામાં આવી રહી છે.

# ગોપાલ ઈટાલીયાની ગુજરાત પોલીસવડા સહિત ૪ ને ફરીયાદ : રાજપીપળા કોર્ટમાં ચૈતર વસાવાને મળવા જતા અટકાવવાનો મામલો ગરમાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઈટાલીયાએ ગુજરાત પોલીસ પર ગેરકાયદેસર રીતે અટકાવવાનો આરોપ લગાવ્યો છે. તેમણે આ ઘટના અંગે ગુજરાત પોલીસવડા સહિત ચાર જગ્યાએ લેખિત ફરીયાદ નોંધાવી છે, આ ઘટના રાજપીપળા જિલ્લા અદાલતની બહાર બની હતી, જયાં પોલીસે ઈટાલીયાને તેમના અસીલ ચૈતર વસાવાને મળવા જતા અટકાવ્યા હતા,

ગોપાલ ઈટાલીયાએ સોશીયલ મીડીયા પર પોસ્ટ કરીને જણાવ્યુ હતુ કે રાજપીપળા જિલ્લા અદાલતની બહાર નર્મદા જિલ્લા પોલીસ દ્વારા



ગેરકાયદેસર રીતે અને ગેરબંધારણીય રીતે સત્તાનો દુરુપયોગ કરીને તેઓને અદાલતની અંદર જતા રોકવામાં આવ્યા હતા. તેઓએ જણાવ્યુ હતુ કે એક એડવોકેટ તરીકે તેઓને અદાલતની અંદર જવાનો અધિકાર છે, અને પોતાના અસીલ વતી કોર્ટમાં હાજર રહેવાનો અને દલીલ કરવાનો પણ અધિકાર છે, ઈટાલીયાએ કહ્યુ હતુ કે પોલીસ ગમે તેવો ગંભીર પ્રશ્ન હોય તો પણ તેઓને કોર્ટમાં જતા રોકી શકે નહી તેમ છતાં પોલીસે સત્તાની ઉપરવટ જઈને ગેરકાયદેસરનુ કાર્ય કર્યુ છે, ગોપાલ ઈટાલીયાએ એડવોકેટ તરીકે તેમને અદાલતમાં પ્રવેશવા ન દેવા બાબતે અલગ અલગ ૪ ઓથોરીટીને લેખિત ફરીયાદ આપી છે, જેમાં ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ એસોસીએશન , ગુજરાત રાજયના પોલીસવડા, બાર કાઉન્સિલ ઓફ ગુજરાત અને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડીયાનો સમાવેશ થાય છે. તેઓએ સોશીયલ મીડીયા પર એવુ પણ કહ્યુ હતુ કે પોલીસ દ્વારા કરવામાં આવેલી આ પ્રવૃત્તિ વિશે તેઓ વિધાનસભામાં પણ રજુઆત કરશે.

# ગંભીરાબ્રિજમાં મૃત્યુ પામેલા અને ઈજાગ્રસ્ત થયેલા લોકોની યાદી બહાર આવી જેમાં હજુ મૃતકનો આંકડો વધી શકે તેમ છે

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

આજે વહેલી સવારે ગંભીરાબ્રિજ તુટી પડતા હાહાકાર મચી ગયો હતો આ ઘટનામાં બ્રિજ ઉપરથી પસાર થઈ રહેલી બે ટ્રક, એક બોલેરો જીપ સહિત ચાર વાહનોને બે કાંઠે વહેતી મહિસાગર નદીમાં ખાબકયા હતા. નદીમાં ખાબકેલી ઈકો કારને લોકોએ રસ્સાની મદદથી બહાર ખેંચી હતી જેમાંથી ૬ મૃતદેહ મળી આવ્યા હતા.

આ દરમિયાન સ્થાનિક યુવકે જણાવ્યુ હતુ કે અમે લોકો સવાર થી રેસ્કયુ ની કામગીરી કરી રહ્યા છીએ અત્યાર સુધીમાં ૯ મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે તેમજ ઈજાગ્રસ્તોને નજીકની હોસ્પીટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

ગંભીરાબ્રિજમાં મૃત્યુ પામેલા લોકોના નામો માં (૧) રમેશભાઈ સવજીભાઈ પઢીયાર ઉ.વ. ૩૮ રહે. મુજપુર દરીયાપુરા (૨) વૈદીકા રમેશભાઈ પઢીયાર (સ્ત્રી) ઉ.વ.૪ રહે. મુજપુર, દરીયાપુરા (૩) નૈતિક રમેશભાઈ પઢીયાર ઉ.વ. ૨ (પુરુષ )રહે.મુજપુર, દરીયાપુરા (૪) વખતસિંહ મનુસિંહ જાદવ ઉ.વ. ૫૫ (પુરુષ) રહે. કહાનવા (૫) હસમુખભાઈ મહિજીભાઈ પરમાર ઉ.વ.૪૦ પુરુષ રહે. હર્ષદપુરા (૬) રાજેશભાઈ ઈશ્વરભાઈ ચાવડા ઉ.વ. ૨૨ પુરુષ રહે. દેવાપુરા આંકલાવ (૭) પ્રવિણભાઈ રાવજીભાઈ જાદવ ઉ.વ. ૩૩ પુરુષ રહે. ઉદેલ ખંભાત (૮) કાનજીભાઈ મેલાભાઈ માંછી ઉ.વ. ૪૦ પુરુષ રહે. ગંભીરા



આંકલાવ (૯) જશુભાઈ શંકરભાઈ હરીજન ઉ.વ ૬૫ પુરુષ રહે. ગંભીરા આંકલાવ (૧૦) સુખભાઈ ભગવાનભાઈ વાઘડીયા ઉ.વ. ૩૨ પુરુષ રહે. સરસવા, પંચમહાલ

જયારે ઈજાગ્રસ્તોમાં (૧) નરેન્દ્રસિંહ રતનસિંહ પરમાર ઉ.વ.૪૫ (પુરુષ) રહે. દહેગામ (૨) ગણપતસિંહ ખાનસિંહ રાજપુત ઉ.વ. ૪૦ (પુરુષ) રહે.રાજસ્થાન ઉદેપુર (૩) રાજુભાઈ ડોડાભાઈ ઉ.વ. ૩૦ (પુરુષ) રહે. દ્વારકા (૪) દિલીપભાઈ રાયસી પઢીયાર ઉ.વ. ૩૪ (પુરુષ) રહે. નાનીશેરખી (૫) સોનલબેન રમેશભાઈ પઢીયાર ઉ.વ. ૪૫ (સ્ત્રી) રહે.મુજપુર

# દાહોદ મનરેગા કૌભાંડમાં બે પુત્રો સહિત ત્રણના જામીન મંજુરઃ ૨૦ માં થી કુલ ૬ આરોપીઓ જેલમુકત

પ્રતિનિધિ,ગાંધીનગર

દાહોદના બહુ ચર્ચીત મનરેગા કૌભાંડમાં આખરે બંને મંત્રી પુત્રો તેમજ એક સરકારી કર્મચારીના જામીન મંજુર થતા ત્રણેય ને ગઈ કાલે સાંજે જેલમુકત કરવામાં આવ્યા હતા. કોર્ટે સરકારી કર્મચારી તેમજ બંને ભાઈઓને શરતી જામીન ઉપર મુકત કરવામાં આવ્યા હતા. જેમાં મંત્રી પુત્રો જયાં સુધી કોર્ટમાં કેસ ચાલશે ત્યાં સુધી જિલ્લા બહાર રહેશે, તેમજ બંનેના પાસપોર્ટ કોર્ટમાં જમા કરાવવા પડશે. તેમજ મંત્રી પુત્રો તપાસને અસર પાડી શકે તેવી દલીલો પોલીસ દ્વારા કરવામાં આવી હતી જેના ભાગરૂપે કોર્ટે બંને ભાઈઓને શરતી જામીન આપ્યા હતા.

દાહોદ જિલ્લામાં મનરેગા કૌભાંડમાં ૭૧ કરોડના કામોમાં ગેરરીતી બહાર આવતા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક દ્વારા ફરીયાદ દાખલ કરાવતા પોલીસે ૩૫ જેટલી માલ સપ્લાય કરનાર એજન્સીઓ વિરૂધ્ધ ગુન્હો



દાખલ કર્યો હતો જેમાં રાજય કક્ષાના મંત્રી બચુ ભાઈ ખાબડના બંને પુત્ર બળવંત ખાબડની કંપની શ્રી રાજ કન્ટ્રકશન કુ. પીપેરોએ ૯ કરોડના કામ કર્યા હતા તો કિરણ ખાબડની શ્રી રાજ ટ્રેડર્સે ૨૨ કરોડના કામ કર્યા હતા, આ કામો કાગળ ઉપર પૂર્ણ બતાવી બીલો પાસ કરાવી સરકાર સાથે છેતરપીંડી કરી હતી. આ પ્રકરણમાં બંને ભાઈઓની સાથે અન્ય બે પ્રોપરાઈટર તેમજ સરકારી કર્મચારીઓની ધરપકડ કરવામાં આવી હતી. ત્યાર બાદ બંને ભાઈઓને જામીન મળતા પોલીસે વધુ બે ફરીયાદો દાખલ કરી હતી, જેમાં દેવગઢ બારીયાના લવારીયામાં ૨૧ કામો કાગળ ઉપર બતાવી ૧૮.૪૧ લાખનું કૌભાંડ આચરવામાં આવ્યુ હતું. આ પ્રકરણમાં કિરણ ખાબડની જેલ બહારથી ધરપકડ કરાઈ હતી.

બીજા દિવસે ધાનપુર તાલુકાના ભાણપુરમાં થયેલા ૪૯ લાખ ના કામોમાં ૧૧ કામો કાગળ ઉપર બતાવી બળવંત ખાબડની શ્રી રાજ કન્સ્ટ્રકશન કુ. પીપોરોએ ૩૩ લાખ રૂપીયાના બીલ પાસ કરાવ્યા હોવાનુ બહાર આવ્યુ હતું. જેમાં બળવંત ખાબડની ધરપકડ કરવામાં આવી હતી. આમ ૩ જુદી જુદી ફરીયાદોમાં છેલ્લા દોઢેક મહિનાથી બંને ભાઈઓ જેલમાં હતા તેઓએ જામીન અરજી માટે ચીફ કોર્ટમાં કરતા અરજી ફગાવી દીધી હતી. ત્યારબાદ બંને ભાઈઓએ સેશન્સ કોર્ટમાં જામીન મુકતા સેશન્સ કોર્ટે બંને ભાઈઓને શરતી જામીન આપતા અને ભાઈઓ છેલ્લા દોઢેક મહિના બાદ પુનઃ જેલ મુકત થયા છે. ૩ ફરીયાદોમાં અત્યાર સુધીમાં ૧૪ પ્રોપરાઈટર મળી ૨૦ ની ધરપકડ થઈ છે.

બંને ભાઈઓ મનરેગા કૌભાંડમાં આરોપી છે, હજુ પોલીસ તપાસ ચલાવી રહી છે, પોલીસ દ્વારા ચાર્જશીટ કોર્ટમાં રજુ કરવામાં આવી નથી, બંને ભાઈઓ મંત્રી પુત્ર હોવાથી તપાસને અસર પાડી શકે તેવી દલીલો પોલીસ દ્વારા કરવામાં આવી હતી જેના ભાગરૂપે કોર્ટે બંને ભાઈઓને શરતી જામીન આપ્યા છે જેમાં પોલીસ આ કેસમાં જયાં સુધી ચાર્જશીટ કોર્ટમાં રજુ ન કરે ત્યાં સુધી બંને ભાઈઓ જિલ્લા બહાર રહેશે, બંનેના પાસપોર્ટ જમા લેવાશે, કોર્ટની તારીખો પર બંને ભાઈઓને ફરજીયાત હાજર રહેવુ પડશે.

# હિંમતનગર મેડીકલ કોલેજ ખાતે અંગ દાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો : અંગોની રાહ જોઈ મૃત્યુની પ્રતિક્ષામાં જીવન જીવતા દર્દીઓની સંખ્યા સામે અંગદાન કરનાર વ્યકિતઓની સંખ્યા ખુબ ઓછી છે

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાની જીએમઈઆરએસ મેડીકલ કોલેજ હિંમતનગર ખાતે અંગદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો, અંગદાન જાગૃતિ માટે છેલ્લા પાંચ વરસથી પ્રયત્નશીલ દાદાના હુલામણા નામથી જાણીતા શ્રી દિલીપ દેશમુખ દ્વારા અંગદાન જાગૃતિનુ મહત્વ સમજાવવામાં આવ્યુ હતું.

આ પ્રસંગે દેશમુખ દાદા એ જણાવ્યુ હતુ કે અંગદાન મહાદાન છે, જેના થકી અનેક લોકોના જીવન બચાવી શકાય છે, પોતે ૨૦૨૦ માં લીવર ટ્રાન્સપ્લાન્ટ થકી નવજીવન મેળવી આજે અંગદાનના મહત્વને સમાજના છેવાડાના વ્યકિત સુધી પહોચાડવા માંગે છે ભારતમાં આજે અનેક લોકો કીડની અને લીવર વગેરેની બિમારીઓથી પીડાઈ રહ્યા છે, એક ચિંતાજનક આંકડો બતાવતા તેમણે જણાવ્યુ હતુ કે પ્રતિ ૧૦ મીનીટે એક ભારતીય કીડની ફેલ્યોર નો શિકાર બની રહ્યો છે, તેનાથી પણ વધુ ચિંતાની વાત એ છે કે ૭૪ ટકા પેશન્ટમાં ૪૦ વરસથી નાની ઉંમરના લોકો આ કીડની ફેલ્યોરના શિકાર બની રહ્યા છે, ડાયાલીસીસ ઉપર હોય




તેવા ૫૦ ટકા પેશન્ટ કીડનીની પ્રતિક્ષામાં મૃત્યુ પામે છે. વધુમાં તેમણે જણાવ્યુ હતુ કે જો ડોકટર ઈચ્છે તો આ આંકડામાં પરીવર્તન આવી શકે છે જેના માટે શ્રેષ્ઠ ઉદાહરણ આપતા તેમણે જણાવ્યુ હતુ કે બી જે મેડીકલ કોલેજ ખાતે ડો. એચ એન ત્રિવેદી નોફ્રોલોજીસ્ટ જેઓ કેનેડામાં પોતાની પ્રેકટીસ છોડી પોતાના દેશ ના દર્દીઓની સેવાનો ઉદેશ લઈ અમદાવાદના કીડની હોસ્પીટલની સ્થાપના કરી જેણે આજે ૨૦૨૪ માં ૪૪૭ થી પણ વધુ કીડની માટે ઓપરેશન કર્યા છે, જે બતાવે છે એક ડોકટર ધારે તો તે કંઈ પણ કરી શકે છે, આપ સૌ ભવિષ્યના ડોકટર છો, ઓર્ગન ડોનેશનના મુખ્ય ૩ સ્તંભ છે,૧ હોસ્પીટલ , ૨ ઓર્ગન રીટ્રાયર અને ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર ૩ અને મુખ્ય સોસાયટી સમાજ છે, ૯૯ ટકા કામ આપના ભાગે આવે છે અને માત્ર ૧ ટકા કામ જે સમાજનુ છે તેને જાગૃત કરવા તેમજ છેવાડાના વ્યકિત સુધી ઓર્ગન ડોનેશનના મહત્વને સમજાવવા માટે આપ સૌ સહભાગી બની જીવનની આશા છોડી અંગોની પ્રતિક્ષામાં આત્મહત્યા કરતા કે મૃત્યુ પામતા લોકોને જીવનદાન આપી શકો છો, એક બ્રેન્ડેડ વ્યકિતના અંગો થકી અનેક લોકોને જીવન મળ્યા છે,


જેનુ વાસ્તવિક ઉદાહરણ હું પોતે છુ તેમ જણાવી ઉમેર્યુ કે આજે અમદાવાદ અને સુરત સીવીલ હોસ્પીટલ માં ઓર્ગેન ટ્રાન્સપ્લાન્ટ શકય બન્યુ છે, આ પ્રસંગે તેમણે ડો. નિલેશ કાછડીયા, ડો. પુનિતા, ડો. રામકૃષ્ણ જેવા ડોકટરોના કામની પ્રશંસા કરતા જણાવ્યુ હતુ કે પોતાના કર્તવ્યને પ્રથમ રાખી દર્દીની સેવામાં તત્પર રહી ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટની પ્રક્રિયાને સફળ કરવા માટે દિવસ રાત એક કરી દર્દીને જીવનદાન આપી રહ્યા છે. એમના થી પ્રેરણા લઈ આપ સૌ ભવિષ્યના ડોકટર અનેક લોકોના જીવન બચાવી શકશો. વડાપ્રધાન દ્વારા ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત કરવાનુ લક્ષ આપવામાં આવ્યુ છે, આ અમૃતકાલ માં કોઈપણ વ્યકિત પૈસાના અભાવે કે અંગોના અભાવે મૃત્યુ ન પામે તે માટે સૌ પ્રયત્નશીલ બનીએ, આજે વડાપ્રધાને ગરીબ વ્યકિતને આયુષ્યમાન કાર્ડ થકી ૧૦ લાખની આર્થીક સહાય આપી છે, જેના થકી ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટેશનમાં પણ સહાય મળી રહી છે, જે ખુબ જ પ્રશસંનીય વાત અને સરકારનુ ઉમદા પગલુ છે.

આ પ્રસંગે મેડીકલ કોલેજના ડીન ડો. રાજેશ આસ્તિક, સુપ્રિટેન્ડેન્ટ ડો. આશિષ કટારકર, ડો. શીલાદરીયા, ડો. બી એચ પટેલ, મેડીકલના વિદ્યાર્થીઓ, સ્ટાફનર્સ તેમજ મેડીકલ કોલેજ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# કેશોદ તાલુકાના અજાબમાં ભાજપના નેતાઓને ફરમાવાઈ પ્રવેશબંધી

પ્રતિનિધિ,ગાંધીનગર

કેશોદની અજાબ તાલુકા પંચાયતના મહિલા સભ્યએ ગ્રાન્ટ ફાળવવામાં થતી વ્હાલા દવલા ની નીતિને કારણે ભાજપ તાલુકા પંચાયતના સદસ્ય તરીકેથી રાજીનામુ આપતો પત્ર જુનાગઢ જિલ્લા પંચાયતના પ્રમુખને પાઠવતા સ્થાનિક રાજકારણ ગરમાઈ ગયુ છે. બે દિવસ અગાઉ જિલ્લા ભાજપ પ્રમુખ અને ધારાસભ્ય તેમજ જિલ્લા પંચાયતના સભ્યની ઉપસ્થિતિમાં એક અજાબ ગામે મીટીંગ મળી હતી તેમાં વિકાસના કામોને લઈને તેમજ




ભાજપમાં વ્યાપેલા ભ્રષ્ટાચારના મુદ્દાને લઈને ભારે હોબાળો થયો હતો અને ગામમાં ભાજપના આગેવાનોને પ્રવેશ ન કરવો તેવા બેનર પણ જાહેરમાં લાગ્યા હતા ત્યારે આ તમામ ઘટના બની ગયા બાદ ગઈ કાલે અજાબ તાલુકા પંચાયતના મહિલા સભ્ય હર્ષાબેન નિલેશભાઈ અધેરાએ પોતાનુ રાજીનામા અંગેનો પત્ર જિલ્લા પંચાયતના પ્રમુખને મોકલ્યો હોવાનુ જાણવા મળ્યુ છે અને તેમાં તેઓએ જણાવ્યુ છે કે છેલ્લા એક વરસથી મારી રજુઆત છતાં મારા પ્રશ્નો બાબતે કોઈ ધ્યાન આપતુ નથી અને એટીવીટી ગ્રાન્ટ તેમજ ધારાસભ્ય અને સાંસદની ગ્રાન્ટની ફાળવણી કરવામાં પણ વ્હાલા દવલાની નીતિ રાખવામાં આવે છે.

જેથી હું ભારતીય જનતા પાર્ટીના તાલુકા પંચાયતના સભ્ય તરીકે રાજીનામુ આપુ છુ, તેમ આ પત્રમાં તેઓએ જણાવ્યુ હતું. ત્યારે હાલ તો અજાબ ગામની મીટીંગમાં થયેલો ભુકંપ ગંભીર રૂપ ધારણ કરી રહ્યો હોય તેવુ જાણવા મળે છે.